# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 14-08-2026 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## સ્વાંત્રતા દિવસની પૂર્વ સંધ્યાને રાષ્ટ્રપતિનું સંબોંધન

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ 80-મા સ્વતંત્રતા દિવસની પૂર્વ સંધ્યાએ આજે રાષ્ટ્રને સંબોધિત કરશે. રાષ્ટ્રપતિનું સંબોધન સાંજે સાત વાગ્યે આકાશવાણીની તમામ રાષ્ટ્રીય ચૅનલ પર પ્રસારિત કરાશે. આ સંબોધન દૂરદર્શનની તમામ ચૅનલ્સ પર હિન્દીમાં પ્રસારિત થશે. ત્યારબાદ રાષ્ટ્રપતિનાં સંબોધનનું અંગ્રેજી સંસ્કરણ પણ પ્રસારિત કરાશે. દૂરદર્શન પર હિન્દી અને અંગ્રેજીમાં સંબોધનનાં પ્રસારણ બાદ તેનું પ્રાદેશિક ભાષાઓમાં પ્રસારણ દૂરદર્શનની તમામ પ્રાદેશિક ચૅનલ પર કરાશે.

-----------------------------------------------------------------------------------

## ગાંધીધામમાં જિલ્લા કક્ષાની તિરંગા યાત્રા

આજરોજ 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત ગાંધીધામ ખાતે શ્રમ અને રોજગાર રાજ્યમંત્રી કાંતિભાઈ અમૃતિયા અને શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાની ઉપસ્થિતિમાં જિલ્લાકક્ષાની તિરંગા યાત્રા યોજાઈ હતી. ગાંધી માર્કેટથી શરૂ થયેલી આ યાત્રા મુખ્ય માર્ગો પર  ઝંડાચોક ખાતે સંપન્ન થઈ હતી.

ઝંડાચોક ખાતે નાગરિકોને સંબોધતા મંત્રીશ્રીઓએ દેશની આઝાદીના શહીદોને નંદન કરી યુવાનોને 'વિકસિત ભારત ૨૦૪૭'ના સ્વપ્નને સાકાર કરવા આહ્વાન કર્યું હતું. આ યાત્રામાં સાંસદ વિનોદ ચાવડા, જિલ્લા પંચાયત પ્રમુખ, મેયર, ધારાસભ્યો, કલેક્ટર અનિલ રાણાવસિયા તથા પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સહિતના મહાનુભાવો અને વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓ, પોલીસ જવાનો તેમજ વિવિધ સમાજના લોકો ઉત્સાહભેર જોડાયા હતા. માર્ગમાં વિવિધ

જ્ઞાતિસમાજો અને સેવાભાવી સંસ્થાઓ દ્વારા યાત્રા પર પુષ્પવર્ષા કરી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------------------

## વરસામેડીમાં તિરંગા યાત્રા

'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત અંજારના વરસામેડી ખાતે ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાએ તાલુકાકક્ષાની તિરંગા યાત્રાને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. વંદે માતરમ્ ના નારાઓ વચ્ચે યોજાયેલી આ યાત્રામાં મંત્રીશ્રીએ દેશની આઝાદી માટે બલિદાન આપનાર નામી-અનામી સપૂતોને યાદ કરી નાગરિકોને સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવા અનુરોધ કર્યો હતો.

સાંસદ વિનોદ ચાવડાએ તિરંગાને આપણી આન, બાન અને શાન ગણાવીને શુભેચ્છાઓ પાઠવી હતી. આ યાત્રામાં જિલ્લા પંચાયત પ્રમુખ, સ્થાનિક અગ્રણીઓ, અધિકારીઓ તેમજ ગ્રામજનો, આરોગ્ય કર્મચારીઓ, પોલીસ જવાનો અને શાળાના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉત્સાહભેર જોડાયા હતા.

---------------------------------------------------------------------------------

## મુન્દ્રામાં જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી થશે

કચ્છ જિલ્લા કક્ષાનો ૮૦મો સ્વાતંત્ર્ય પર્વ આવતીકાલે મુન્દ્રા ખાતે સ્થિત ગુજરાત ઘેટા અને ઉન વિકાસ નિગમ લિમિટેડના મેદાન ખાતે આન, બાન અને શાન સાથે ઉજવાશે. આ ભવ્ય સમારોહમાં શ્રમ અને રોજગાર રાજ્યમંત્રી કાંતિલાલ અમૃતિયા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહી ધ્વજવંદન કરશે.

તૈયારીઓને આખરી ઓપ આપવા ગઇકાલે કલેક્ટરશ્રી અનિલ રાણાવસિયાની ઉપસ્થિતિમાં ગ્રાઉન્ડ રિહર્સલ યોજાયું હતું, જેમાં પોલીસ પરેડ અને બાળકોના સાંસ્કૃતિક કાર્યક્રમો નિહાળી પ્રોટોકોલ મુજબ જરૂરી માર્ગદર્શન અપાયું હતું. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ ઉજવણીમાં મોટી સંખ્યામાં નાગરિકોને સહભાગી થવા હાર્દિક અનુરોધ કરવામાં આવ્યો છે.

---

## વિવિધ જાહેરનામા

કચ્છ જિલ્લામાં આગામી ધાર્મિક તહેવારો અને મેળાઓ દરમિયાન કાયદો, શાંતિ અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ પાર્થ કોટડિયા દ્વારા તા. ૨૮/૦૮/૨૦૨૬ સુધી સમગ્ર જિલ્લામાં વિવિધ પ્રતિબંધાત્મક જાહેરનામાં બહાર પાડવામાં આવ્યા છે. ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭(૧) મુજબ જિલ્લામાં હથિયારબંધી લાગુ કરાઈ છે, જેનું ઉલ્લંઘન કરનારને ૪ માસથી ૧ વર્ષ સુધીની કેદ અને દંડની સજા થશે.

આ ઉપરાંત જિલ્લાના તમામ સેવા સદનો, પોલીસ કચેરીઓ, મહાનગરપાલિકા અને સરકારી કચેરીઓના ૧૦૦ મીટરની ત્રિજ્યામાં વગર પરવાનગીએ ચાર કે તેથી વધુ વ્યક્તિઓ ભેગા થઈને ધરણા, પ્રતિક ધરણા, ભૂખ હડતાલ, રેલી, સરઘસ કે આવેદન પત્ર આપવા પર મનાઈ ફરમાવાઈ છે. સાથે જ, કલેક્ટર કચેરી, ન્યાયાલય અને અન્ય સરકારી કચેરીઓની આસપાસ જનતાને ભોળવીને અનધિકૃત વચેટીયા તરીકે કામ કરતા તથા પૈસા પડાવતા ઈસમોના પ્રવેશ પર પણ પ્રતિબંધ મુકાયો છે.

આ હુકમો સરકારી ફરજ પરના કર્મચારીઓ, ગૃહરક્ષક દળ, લગ્નની વરઘોડા, સ્મશાનયાત્રા અને સરકારી આયોજનોને લાગુ પડશે નહીં. આ જાહેરનામાનો ભંગ કરનાર સામે કાયદેસરની દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

---

## કચ્છમાં ભૂકંપ

કચ્છમાં ધરતીના પેટાળમાં સતત સળવળાટ યથાવત રહ્યો છે, જેના કારણે ફરી એકવાર ભૂકંપનો આંચકો અનુભવાયો છે. ખાવડાથી ૪૨ કિલોમીટર દૂર પાકિસ્તાન સરહદ નજીક 4 વાગીને 46 મિનિટે ૩.૨ની તીવ્રતાનો આંચકો આજે નોંધાયો છે. કચ્છમાં છેલ્લા એક સપ્તાહમાં ભૂકંપનો આ ચોથો નોંધાયો છે.

---

# કુકમામાં મેળો

**ભુજના કુકમા નજીક ખાત્રોડ ડુંગરે બિરાજતા દેશદેવી આશાપુરા માતાજીના મંદિરે પરંપરાગત મેળો યોજાયો હતો. આ મેળામાં ભુજ, માધાપર અને આસપાસના ગામોમાંથી હજારો ભાવિકો ઊમટ્યા હતા. મેળાના દિવસે વહેલી સવારે ઝરમર વરસાદ વરસતા અમીછાંટણાની પરંપરા જળવાઈ હતી.**

**રામનાથ બાપુના સાંનિધ્યમાં શાસ્ત્રોક્ત વિધિથી હોમ-હવન અને પૂજા કરવામાં આવી હતી, ત્યારબાદ તળેટીમાં મહાપ્રસાદનું આયોજન કરાયું હતું. મેળામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પદ્ધર પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.**

**---------------------------------------------------------------------------------------**